ટોચ અગ્રતા

ક્રમાંક:-પરચ-૧૦૨૦૧૬-૬૧૭-એન.આર.આઇ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર,
તા.૨૮/૧૦/૨૦૧૬

सत्यमेव जयते

GSNRGF
INWARD NO. 1966 DATE 2/11/16

પ્રતિ,
શ્રી બિપીન.જે.ભટ્ટ
નિયમકશ્રી,
ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન,
સચિવાલય,ગાંધીનગર.

વિષય:-રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા કાર્યક્રમ,૨૦૧૬ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે,ચૂંટણી પંચ,નવી દિલ્હી દ્વારા ક્ષતિરહિત અને અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે "રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા કાર્યક્રમ,૨૦૧૬"અમલમાં મૂકેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ચૂંટણી પંચના મુદ્રાલેખ 'કોઇપણ મતદાર રહી ન જાય' તેને સાર્થક કરવા માટે દરેક કેટેગરીના મતદારો જેમ કે, બિન નિવાસી ભારતીય,અસંગઠિત શ્રમિકો ,શારિરીક રીતે અક્ષમ વ્યક્તિઓ, વિચારતા સમુદાયના લોકોના નામ મતદાર તરીકે નોંધાય તે માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે. આ પૈકી બિન નિવાસી ગુજરાતી કે જેઓ ભારતનું નાગરિકત્વ ધરાવતા હોય અને અભ્યાસ,વેપાર, નોકરી કે અન્ય કોઇ કારણોસર વિદેશમાં રહેતા હોય તેવા નાગરિકોની"OVERSEAS ELECTOR" તરીકે મતદાર યાદીમાં નોંધણી કરવાની ચૂંટણી પંચે સુચના આપેલ છે.

3/11/16

ઉપર મુજબની વિગતે, બિન નિવાસી ગુજરાતી કે જેઓ જુદા જુદા દેશમાં ઉપર જણાવેલ કારણોસર રહેતા હોય તેમની મતદાર યાદીમાં "OVERSEAS ELECTOR" તરીકે નોંધણી કરવા માટેના પ્રયત્નો હાથ ધરવાના છે. આ માટે આપની પાસે ઉપલબ્ધ ઉપર જણાવેલ જુદા જુદા કારણોસર વિદેશમાં રહેતા હોય તેવા બિન નિવાસી ગુજરાતીની માહિતી આ સાથે સામેલ રાખેલ પ્રફોર્મામાં મોકલી આપવા આજ્ઞાનુસાર આપને વિનંતી છે.

આપનો વિશ્વાસુ

બિડાણ:-ઉપર મુજબ

(સી.એમ.સદાદીયા)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

## બિન નિવાસી ગુજરાતીની વિગતો દર્શાવતું પત્રક

| નુ | બિન નિવાસી ગુજરાતીનું પુરૂ નામ | ગુજરાતમાં તેમના રહેઠાણનું પુરૂ સરનામું | ગુજરાતમાં તેમના વાલીના સંપર્કની વિગતો | વિદેશમાં રહેતા હોય તો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કયા દેશમાં વસવાટ કરે છે. | વિદેશમાં વસવાટ નું પુરૂ સરનામું | સંપર્કની વિગતો | | ઈ–મેઈલ એડ્રેસ |
| | | | | | | ફોન નં. | મોબાઈલ નં. | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |